# નાસીક તપોવનમાં પંચવટીનાં પ્રાચીન વૃક્ષોના નિકંદનની યોજના જીવ સૃષ્ટિનું રક્ષણ શા માટે જરૂરી?

સારાંશ
★વિન્સી મરચન્ટ

વર્તમાન દુનિયાએ પેસ્ટીસાઈડ્સ, આધુનિક મકાનો, વૃક્ષોનું નિકંદન, જંગલોની જમીને પર કબજો વગેરે પ્રવૃત્તિઓને કારણે વિરાટથી સૂક્ષ્મ પ્રકારના જીવો, પ્રાણીઓ, પશુઓ, પક્ષીઓનું નિકંદન કાઢી નાખ્યું છે. વિજ્ઞાન સમજાવે છે કે આ પ્રકારની જીવસંપદા માનવ જીવનને પ્રફુલ્લિત અને આરોગ્યપ્રદ બનાવે છે. તેઓની સાથે રહેવાના ઘણા ફાયદા છે. અમુક જીવો, જાણે કે માનવીની સેવા માટે કુદરતે સર્જાયા છે. જેમ કે ગાય, ભેંસ, ઘેંટા, બકરાં, ગધેડા, બળદ ઘોડો વગેરે અનેક રેશમના કીડાં ગરમ પાણીમાં જાતે ઉકળી જઈને રેશમ આપે છે. એક સમયે કબૂતરો એરસ્પીડથી સંદેશાઓ પહોંચાડતા હતા. આવા લાખો ઉપકારો પ્રાણીજીવન અને વન્ય જીવનનાં માનવજીવન પર છે પરંતુ ભરવાડને હીરો મળ્યો તો એના બકરાની ડોકે બાંધી દીધો હતો. એ જ પરંપરામાં આજના બેકદર લોકો અને શૂન્યસંવેદનાઓ ધરાવતી સરકારો આસપાસની સૃષ્ટિની કદર કરતાં નથી.

પ્લાસ્ટિક, ડામર અને સિમેન્ટ-કોન્ક્રિટ જ આજની ભાષા અને આજનો વિકાસ બની ગયાં છે. સરકારોએ પ્રજાના સ્રોતોનાં સર્વનાશ માટેનાં પરવાના કોન્ટ્રેક્ટરોને લખી આપ્યા છે. બુદ્ધિનો સદુપયોગ કયાંય નહીં અને કુબુદ્ધિની બલ્લે બલ્લે. યાદગાર બની ગયેલાં સુંદર મજબૂત મકાનોને તોડી પાડે તો જ નવા બાંધવાનો કોન્ટ્રેક્ટ મળે. કોન્ટ્રેક્ટ આપનાર અને મેળવનાર બંને ટંકશાળો ધમધમતી રહેવી જોઈએ. પરંતુ તેમાં પણ બુદ્ધિનો ઉપોયગ કરે તો અસહાય નુકસાન નિવારી શકાય. રસ્તાઓ પહોળા બનાવવા માટે અગાઉ જે ઝાડપાન વાવ્યા હોય તે યુવાન અને છાયા આપતાં થાય એટલે કાપી નાખવામાં આવે. ક્ષુલ્લા હેતુઓ સાર્થક કરવા ઝાડ પાનનો સોંથ વાળવામાં આવે. જે જૂના વૃક્ષોવાળો માર્ગ હતો તેની એક અલગ લાઈન વન-વે અથવા ટુ-વે રચવામાં આવે અને નવો માર્ગ સમાંતરે બાંધવામાં આવે તો? અમેરિકામાં આવું બને છે. હવે એ સમય પણ રહ્યો નથી. લગભગ દેશના તમામ પ્રાચીન વૃક્ષોને અર્વાચીન સમાજે કાપી નાંખ્યા છે. તેની સાથે પક્ષીઓ માટેના મુકામ અને ખોરાક તેમ જ જળાસ્ત્રોનો ઘટી ગયાં.

વરસ 2027માં નાસિક ખાતે સિંહસ્થ કુંભમેળો યોજાશે. ભારતમાં વેદો વૃક્ષો, પર્વતો, નદીઓ અને જીવસૃષ્ટિ સાથે સહ અસ્તિત્તવનો સંદેશો આપે છે. કુંભમેળવો કે કુંભમેળાઓ વખતે પણ એની ઉજવણી આ વેદ સંદેશાઓને કેન્દ્રમાં રાખી થવી જોઈએ. સરકારો અને તથાકથિત વિકાસની વાતો કરનારાઓને એ વાતામાં વિકાસ દેખાય છે. જેમાં મકાનો ગગનચૂંબી હોય, રસ્તાઓ પહોળા હોય અને તેના પર ચમચમાતી ગાડીઓ દોડતી હોય. આ ગેરસમજણે કુદરતી સૃષ્ટિનું નખ્ખોદ વાળ્યું છે. કુંભમેળા નિમિત્તે ગોદાવરી નદીના કાંઠે સાધુઓ માટે સાધુગ્રામ બાંધવા મહારાષ્ટ્ર સરકારે 1800 વૃક્ષો કાપી ત્યાં પ્લોટ સાફ કરવાનો નિર્ણય લીધો. પ્રજા તેમજ પર્યાવરણવાદીઓને આ નિર્ણય સામે ચળવળો ચલાવી. લોકો અદાલતોમાં અને ટ્રીબ્યુનલ સમક્ષ પહોંચ્યા. નેશનલ ગ્રીન ટ્રીબ્યુઅલ (NGT)એ જાન્યુઆરી 2026 અર્થાત્ હવેના પંદર દિવસ સુધી ઝાડ કાપવાની પ્રવૃત્તિ અટકાવી દેવાનો આદેશ આપ્યો છે. સરકારે કહ્યું કે અન્ય સ્થળોએથી પંદર હજાર જેટલાં છોડ આપીને તેનું વૃક્ષારોપણ કરાશે. જેથી ઝાડ કાપવાની નુકસાની સરભર થઈ જાય. નાસિકમાં તપોવન તરીકે ઓળખાતી આ જગ્યાએ વૃક્ષો જીવાડવા જરૂરી છે કે? થોડા દિવસો માટે સાધુઓને વસાવવા કાયમ માટેનું ઈન્ફાસ્ટ્રકટર બાંધવું જરૂરી? લોકોએ આ ચિંતન કરવું જરૂરી છે અને ખુદ સાધુઓએ પણ. પ્રકૃત્તિની પૂજાને બદલે પ્રકૃતિઓ સર્વનાશા શું ધર્મનું પાલન છે?

એક એવી દલીલ છે કે તપોવનના વૃક્ષોથી સાફ કરેલા પ્લોટ પર કાયમી સાધુવાસ નહીં પણ હંગામી તંબુઓ બાંધી સાધુઓનો વસવાટ અપાશે. જો આમ હોય તો આ નિર્ણય વધુ ખરાબ છે. હવેલી માટે ગુજરાત ખોબા બરાબર છે. સાધુ ગ્રામ માટે લીમડી, પીપળ, આંબલી, વડ, જાંબુ જેવા અઢારસો વૃક્ષોનો સોથ વાળીને મોટું પાપ આચરવું શું જરૂરી છે? લોકો આવી યોજનાઓનો વિરોધ કરી રહ્યા છે. તેનો અર્થ એ કે દેવેન્દ્ર ફડનવીસની સરકાર



પાસે એટલી બુદ્ધિ અને સંવેદના નથી જેટલી પ્રજામાં છે. હવે જાન્યુઆરીમાં NGT સાચો ધર્મ અને સંવેદના અપનાવે તે જરૂરી છે.

ભારતમાં સાધુ સમાજને નવી જવાબદારીઓ અને ઉત્તરદાયિત્વમાં ઢાળવો જરૂરી છે. ભગવાન શ્રી રામ વૃક્ષો સાથે વાર્તાલાપ કરતા હતા, હનુમાનજી સંજીવની માટે પર્વન ઊઠાવી લાવ્યા હતા એ પ્રસંગો ધર્મગુરૂઓએ યાદ કરવાની જરૂર છે. રામાયણના અમુક પ્રસંગોનો અહીં ગોદાવરી નદી અને નાસિકની નજીકના દંડકારણ્ય વનમાં ઘટ્યા હતા. તપોવન એ દંડકારણ્યનો એક ભાગ છે. અહીં સીતા ગુફા, રામ કુંડ જેવા પ્રાચીન સ્થળો છે. જ્યાં

**નાસિકમાં તપોવન તરીકે ઓળખાતી આ જગ્યાએ વૃક્ષો જીવાડવા જરૂરી છે કે? થોડા દિવસો માટે સાધુઓને વસાવવા કાયમ માટેનું ઇન્ફાસ્ટ્રકટર બાંધવું જરૂરી? લોકોએ આ ચિંતન કરવું જરૂરી છે અને ખુદ સાધુઓએ પણ. પ્રકૃત્તિની પૂજાને બદલે પ્રકૃતિઓ સર્વનાશા શું ધર્મનું પાલન છે?**

રામ, લક્ષ્મણ, સીતા વસ્યાં હતાં. એટલું જ નહીં પંચવટ અર્થાત પંચવટી નામનું વડનું પવિત્ર વન છે. વડનાં વૃક્ષોનો હજારો વરસ સુધી વેલો ચાલું રહે છે. એ રીતે અહીંના પંચવટીને ઐતિહાસિક ધરોહર ગણવાને બદલે, ધાર્મિક ઉન્માદ ધારણ કરી ફડનવીસ સરકાર અવિચાર રસમો અપનાવી રહી છે. હવે કહે છે કે રાજમુંદ્રીથી પંદર હજાર સેમ્પલો લાવીને શહેરોમાં તેનું રોપણ કરવામાં આવશે.

નેતા અને અધિકારીગણ પોતે ઉદઘાટન સમયે એક છોડ વાવે છે. તેને પણ બરાબર ઉછેરી શકતાં નથી. બીજા દિવસે એ એકલવાયો પડી શુકાવા લાગે છે. તો શહેરોમાં કેવાં વૃક્ષો ઉગાડશે? શહેરોમાં તે આસાનીથી ઉગે છે, કારણ રે ગટરના ખાતર-પાણી તેને મળી રહે છે, પરંતુ આ વૃક્ષો અનેક રીતે નકામાં છે. પ્રકૃતિમાં દરેક જીવ અસ્તિવનું મહત્વ છે, માત્ર ગુલમહોર વડે તેની ખાધ પુરી શકાય નહીં. તમામ વૃક્ષો, જીવજંતુઓને કુદરતે કોઈકને કોઈક ખૂબી આપી છે, જે માનવીમાં પણ હોતી નથી. શું માણસ રાફડો બનાવી શકે? મધપૂડો કે સુગરીના જેવો માળો રચી શકે? વિજ્ઞાનીઓ એ તારણ પર આવ્યા છે કે માણસે બીમારીઓની સારવાર માટે જૂના સમયથી જે જડીબૂટ્ટીઓઅને ઔષધીઓ પ્રાપ્ત કરી છે તે પ્રાણીઓના અને જીવસૃષ્ટિના વર્તન અને વ્યવહારનો અભ્યાસ કરી તેનું નિરિક્ષણ કરીને પ્રાપ્ત કરી છે અને અપનાવી છે. જીવસૃષ્ટિ પોતાના આરોગ્ય માટે ફળદાયક હોય એવી ચીજો પસંદ કરે છે અને તે આરોગે છે. માનવીએ તેની નકલ કરીને અમુક દેશી ઓસડિયાં અપનાવ્યા છે. પક્ષી, પ્રાણીઓ આજે પણ એમને સાનુકૂળ ખોરાક અને જડીબુટ્ટીઓ આરોગે છે. મેક્સિકોનાં શહેરો અને નગરીમાં વસતિ ઘર ચકલીઓ તેમ જ બીજી નાની ચકલીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું. જાણવા મળ્યું કે આ ચકલીઓ શહેરમાંથી સિગારેટનાં ઠુંઠા અથવા ફિલ્ટર એકઠા કરે છે અને તેને ખોલીને તેના રેસા પોતાના માળામાં ચાદરની માફક ફેલાવી દે છે. પક્ષીઓ પોતાના માળા માટે કેવી કેવી ચીજો એકઠી કરે છે? કેવું કેવું પ્લાસ્ટિક એકઠું કરે છે તે સંશોધન ચાલી રહ્યું હતું ત્યારે તમામ ચકલીઓના માળામાં સિગરેટ ફિલ્ટરો જોવા મળ્યાં.

વિજ્ઞાનીઓ પ્રથમ એ ધારણા પર આવ્યા કે ફિલ્ટરોના રેસા થકી ઠંડી કે ગરમી સામે રક્ષણ આપતાં હશે. પરંતુ વધુ અભ્યાસ કર્યો ત્યારે જણાયું કે તે હકીકતમાં ઔષધનું કામ કરતાં હતાં. પક્ષીઓનાં શરીર પર પણ જુ, લીખ જેવાં લોહી પીનારા પેરેસાઈટ્સ વળગતાં હોય છે. ઠુંઠામાં રહેલું નિકોટીન ટોક્સીન આવા પેરેસાઈટ્સનો નાશ કરે છે. આ જ્ઞાન સાથે પક્ષીઓ ફિલ્ટરો એકઠાં કરે છે. તેના થકી પક્ષીઓનું પોતાનું તેમ જ બચ્ચાઓનું આરોગ્ય જળવાઈ રહે છે.

અમેરિકામાં વસતાં નેધરલેન્ડસના એક વિજ્ઞાની જાપ દી રૂડે દ્વારા પશુ-પક્ષીઓની જીવનશૈલી પર કેટલાક વિસ્મયકારી સંશોધનો કરાયાં છે જે એમણે 'ડૉક્ટર્સ બાય નેચર' પુસ્તકમાં પ્રસિદ્ધ કર્યાં છે. જાપ લખે છે કે વાનરો પોતાનાં પેટ અને આંતરડાંમાંના કીડાં દૂર કરવા એક ખાસ વૃક્ષનાં પાન ચાવે છે. પોતાના શરીર પર મચ્છર જેવાં લોહી ચૂસ જંતુઓ ના બેસે તે ઈરાદાથી કાનખજૂરાઓ પોતાનો આહાર ધરમૂળથી બદલી નાખે છે. મધમાખીઓ બીમારીઓને દૂર રાખવા માટે રેઝિન અર્થાત ચીકણા મીણનું ઉત્પાદન વધારી દે છે. અગાઉ મોચી ભાઈઓ પગરખાંમાં જે દોરા વપરાય તેને મધમાખીના મીણનો પ્રાશ ચડાવના, જેથી દોરા દરેક મોસમમાં ટકી રહે એટલા મજબૂત બની જતાં.

ડૉ. જાપ દી રૂડે એટલાન્ટાની એમોરી યુનિવર્સિટીમાં બાયોલોજીના પ્રોફેસર છે. એ લખે છે કે માનવી દરેક બાબતોમાં પોતાને અન્ય જીવો કરતા સવાયો, સુપિરિયર ગણાવા મથતો રહે છે. પશ્ચિમના સમાજમાં વ્યક્તિ પણ બીજી વ્યક્તિઓથી અલાયદી હોય તેને વધુ મહત્ત્વ અપાય છે. દુનિયામાં એ સાર્વત્રિક સમજણ છે કે માનવી પાસે જે બુદ્ધિ-શક્તિ છે એ દુનિયાના કોઈ પ્રાણીમાં નથી. આ લગભગ સત્ય હોવા છતાં હજારો, લાખો વર્ષના ઈતિહાસમાં માણસે જાનવરો પાસેથી પણ જ્ઞાન મેળવ્યું છે. ડૉ. જાપના લખવા અનુસાર પ્રાણીઓનાં વર્તનનો અભ્યાસ કર્યા બાદ, બીમારીઓ દૂર કરવામાં પ્રાણીઓના વર્તનની માણસ જાતે નકલ કરી હશે. તેઓ જે ઝાડ પાન, જડીબુટીઓ આરોગતાં હતા તે આરોગવાનું માણસે શરૂ કર્યું હશે. જેમ કે શિલાઓ પર જામતી શિલાજીત જડીબુટ્ટી વાનરો ખાતાં હોય છે અને માણસ તેમાંથી શીખ્યો હોઈ શકે.

પરંતુ આજે સામાન્ય રીતે માણસ અન્ય જીવસૃષ્ટિને તુચ્છ ગણી તેઓની પાસેથી કશું નવું શીખતો નથી. શીખે, પ્રાણીઓના વર્તન વહેવારોનું નિરીક્ષણ ચાલુ રાખે તો બીજી અનેક નવી ઔષધો ઉપલબ્ધ બની શકે તેમ છે. ડૉ. જાપનો આ અભિપ્રાય છે. એટલું જ નહીં, આપણા પાળેલા પશુપક્ષીઓ વગેરે માટે પણ નવી ઔષધિઓ પ્રાપ્ત કરી શકાય.

ઘણા જંગલમાં વસતાં પક્ષીઓ પોતાના આરોગ્યની સુરક્ષા માટે માળામાં અનેક પ્રકારના વેલા, પાન વગેરે એકઠાં કરે છે. પરંતુ માનવ વસતિ વચ્ચે વસતિ ચકલીઓએ સિગારેટનાં ઠુંઠાંનો શોર્ટકટ અપનાવ્યો. તેનો અર્થ એ કે જરૂરતના સમયે તેઓ વિકલ્પો પણ શોધતી રહે એટલી ચતુર છે. માનવ સર્જિત પરિવેશમાં ગોઠવાઈ જવાનું તે શીખી લે છે. આ એ હકીકતનું પણ ઉદાહરણ છે કે પોતાનાં બચ્ચાઓનું રક્ષણ કરવાની બુદ્ધિ સર્જનહારે સૌ પ્રાણીઓને આપી છે.

જાપ દી રૂડેએ મોનાર્ક તરીકે ઓળખાતી પતંગિયાઓની જાતિ બાબતમાં પણ આ પ્રકારનાં સંશોધનો કર્યા છે. નાજૂક જણાતાં આ પતંગિયાઓ છેક ઉત્તર અમેરિકાથી હજારો કિલોમીટર દૂર દક્ષિણ સ્થિત મેક્સિકો સુધીનો પ્રવાસ કરવા માટે પ્રસિદ્ધ છે. પરંતુ સામુહિક સ્થળાંતર દરમિયાન તેઓને ટૂંકમાં ઓ.ઈ. તરીકે ઓળખાતા, એકકોષીય જીવાણુઓનો ચેપ લાગુ પડે છે. પરિણામે તેઓનું વજન ઘટી જાય અને ડિહાઈડ્રેશનનો શિકાર બને. કેટલાક હિજરત દરમિયાન જ માર્યા જાય.

ડૉ. જાપે સંશોધનો વડે જાણ્યું કે આ સુક્ષ્મ રોગકારક જીવાણુઓના ત્રાસથી બચવા માટે જેમાં ક્ષીર (દૂધ જેવું પ્રવાહી જે ચીકણું પણ હોય) વધુ હોય છે એ મિલ્કવીક છોડનાં પાન તે પતંગિયા આરોગે છે. તે ક્ષીરમાં જંતુનાશક અને ટોક્સિક તત્વ કાર્ડીનોલાઈડ્સનું પ્રમાણ ઊંચું હોય છે. આ પતંગિયાઓની માદાઓ, ખાસ કરીને આ માદા જે પોતાને ઓ.ઈ. વિષાણુથી સંક્રમિત હોય છે. તે એ મિલ્કવીડ પર ઈંડાં મૂકે છે, જેથી જે નવાં બચ્ચાં જન્મે તે સંક્રમણથી મુક્ત રહે. ડૉ. જાપના કહેવા મુજબ એક ટાંચણીનાં માથાં કરતાં નાનું મગજ ધરાવતાં જીવો પણ પોતાનાં બચ્ચાંની એટલી જ ખેવના રાખે છે, જેટલી મોટાં મગજ ધરાવતાં માનવીઓ કે હાથી વગેરે રાખે છે. માનવ ઈતિહાસમાં જે સૌથી જૂના વૈદ્ય અથવા તબીબનો મૃતદેહ મળ્યો છે તે 5300 વર્ષ જૂનો છે. ઓત્ઝી આઈસમેન તરીકે ઓળખાતા આ પ્રાચીન વૈદ્યનો દેહ 1991માં આલ્પસના બરફીલા શિખરોમાંથી સાંપડ્યો હતો. એમનાં આંતરડામાં પરજીવી કીડાંના ઈંડાં જોવા મળ્યાં હતા અને બર્ચ વૃક્ષમાં થતી પોલીપોર ફંગસના અવશેષો મળ્યા હતા. આ ફંગસ બિલાડીના ટોપની માફક ઝાડ પર ઊગે અને શંકુ આકાર હોય છે. આ ફંગસ પેટમાંના જીવાણુઓનો નાશ કરે છે અને તેના થકી જુલાબ થાય છે. પરિણામે વિષાણુઓ શરીરની બહાર નિકળી જાય છે અને આંતરડાંનાં સોજા મટે છે. જ્યારે આ હકીકત બહાર આવી એ પછી એવા પુરાવા મળ્યા કે નેધરલેન્ડ્સના લોકો પચાસ હજાર વર્ષથી આ ફંગસનો ઔષધિ તરીકે ઉપયોગ કરતાં હતા. આજથી 45 વર્ષ પૂર્વે તાન્ઝાનિયાના એક વન રક્ષક અને એક સંશોધકના ધ્યાનમાં આવ્યું કે ચિમ્પાન્ઝી વાનરો બિમાર પડ્યા પછી એક ખાસ ઝાડની કૂમળી ડાળીઓ ચાવે છે. એ કડવી હોય છે અને ચિમ્પાન્ઝીઓ સાજા હોય ત્યારે ક્યારેય તે ચાવતાં નથી. સ્થાનિક લોકો પણ પેટની બિમારીઓ મટાડવા તે આરોગે છે. તે ચાવ્યા બાદ ચિમ્પાન્ઝીઓ અગાઉની માફક હરતા ફરતા થઈ જાય છે. પણ તેઓને આ શીખવાડ્યું કોણે? હફમેન નામના વિજ્ઞાનીને સંશોધનો બાદ જણાયું કે તે ડાળીઓ જડીબુટ્ટીનું કામ કરે છે. તેમાં એવા રસાયણો હોય છે જે પેરેસાઈટસ, બેક્ટેરીયા અને વિષાણુઓનો નાશ કરે છે. લેખક જાપના લખવા મુજબ કેન્સરનાં અમુક ટ્યુમરો પણ તેનાથી ઓગળી જાય છે. વધુ સંશોધનમાં જણાયુ કે ચિમ્પાન્ઝીઓ માત્ર સાજા થવા માટે સહેતુક આ ઝાડ-પાન ચાવતાં હતાં. તેઓને ખબર હોય છે કે તેઓ ઈલાજ માટે દવા ખાઈ રહ્યા છે. મધમાખીઓને જ્યારે મધપૂડા સામે વિષાણુઓનું જોખમ જણાય ત્યારે રક્ષણ માટે ક્વીન બી સૈનિક માખીઓને હુકમ આપે છે કે વધુ મીણ એકઠું કરો. મીણ પણ પ્રાચીનકાળથી માનવ ઔષધ માટે વપરાય છે.